# NATWARLAL K. PATEL
**B.Com., LL.B., Advocate**

**Office:-** 324 to 326, 3rd Floor, "SHUKAN MALL", Nr. Visat Petrol Pump,Sabarmati, Ahmedabad - 380005.
Ph. : 079-27500560, Email :- nkpatel1953@gmail.com


Date : 12/06/2019

## સર્ચ રીપોર્ટ

N. K. PATEL * ADVOCATE * G/425/1977

પ્રતિ,

"મારૂતિ પ્રોજેકટ"
ઓફીસઃ- ફા.પ્લોટ નં.૧૮૭,કેશવ એપાર્ટમેન્ટની
સામે, ધ્વારકેશ હાઈટસ ફલેટની બાજુમા,
ટી.પી. સ્કીમ નં.૪૪,ચાંદખેડા,
અમદાવાદ- ૩૮૨૪૨૪.

**બાબતઃ-** રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદ સબ ડિસ્ટ્રીકટ અમદાવાદ શહેર વિભાગ-૨ (વાડજ)ના તાલુકે સાબરમતીના મોજે ચાંદખેડા ગામની સીમના સર્વે નં. ૮૬૦/૨ ની ૭૨૮૪ સ.ચો.મીટર ખાતા નં.૩૧૧૮ વાળી જમીનને ટી.પી.સ્કીમ નં.૪૪ (ચાંદખેડા)મા આવરી લઈ ફાળવવામા આવેલ ફા.પ્લોટ નં.૧૮૭ ની ૪૩૫૪ સ.ચો.મીટર બીનખેતીના ઉપયોગવાળી જમીન અંગેનો સર્ચ રીપોર્ટ

આપની સુચનાથી અમોએ મોજે ચાંદખેડા ગામની સીમના સર્વે નં.૮૬૦/૨ ની ૭૨૮૪ સ.ચો.મીટર ખાતા નં.૩૧૧૮ વાળી જમીનને ટી.પી.સ્કીમ નં.૪૪ (ચાંદખેડા)મા આવરી લઈ ફાળવવામા આવેલ ફા.પ્લોટ નં.૧૮૭ ની ૪૩૫૪ સ.ચો.મીટર બીનખેતીના ઉપયોગવાળી જમીનનું ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટ મેળવવા માટે તા.૧૦/૦૫/૨૦૧૯ ના રોજ "નવ ગુજરાત સમય" દૈનીક પેપરમાં જાહેર નોટીસ આપેલી. જેના આધારે આજદીન સુધી કોઈના વાંધાઓ નક્કી કરેલ મુદતમાં અમોને ન મળતા અમોએ છેલ્લા ૩૦ વર્ષના તલાટીના રેકર્ડ તથા ૩૦ વર્ષ સુધીના ગાંધીનગર તથા અમદાવાદના મે. સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાંથી સદર જમીન અંગેની સર્ચ કરાવી તેના કાગળો,દસ્તાવેજો,એન્ટ્રીઓ તથા સર્ચના આધારે અને આપે કરી આપેલ નોટરી રૂબરૂના તા.૧૨/૦૬/૨૦૧૯ ના રોજના ડેકલેરેશનના આધારે સદર સર્વે નંબરની જમીન અંગેનો સર્ચ રીપોર્ટ અમારા માનવા અને જાણવા પ્રમાણે અમો નીચે પ્રમાણે આપીએ છીએ.

(૧)..મજકુર સર્વે નં.૮૬૦/૨ ની એકર,૦૧-૩૨ ગુઠા યાને ૭૨૮૪ સ.ચો.મીટર જુની શરતની ખેતીની જમીન પ્રથમ સને ૧૯૪૭ ની સાલથી શ્રી મણીલાલ જેઠાલાલની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટામા આવેલી હતી.

(૨)..મજકુર જમીનના રેકર્ડ ઓફ રાઈટસમા બીજા હકકમા મે.તાલુકાના હુકમ નં.ટી.એન.સી.થી તા.૨૭/૧૧/૧૯૪૭ મુજબ કલમ-૩(અ) મુજબ જે લોકો તા.૦૮/૧૧/૧૯૪૬ ના રોજ ગણોતીયા તરીકે સર્વે નંબરોની જમીનમા છે તે ગણોતીયા તરીકે શ્રી રણછોડજી રાણાજીનુ નામ સદર સરકયુલરના આધારે એન્ટ્રી નં.૨૮૬૯ થી તા.૧૭/૦૧/૧૯૪૭ ના રોજ દાખલ કરી સદર એન્ટ્રી તા.૦૬/૦૨/૧૯૪૮ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામા આવેલી છે.

(૩)..ત્યારબાદ મજકુર જમીનના રેકર્ડ ઓફ રાઈટસમાં બીજા હકકમાં જમીનના ભાગલા પડતા અટકાવવા અને તેનુ એકત્રીકરણ કરવા માટે સને ૧૯૪૭ ના કાયદાની કલમ-૫ મુજબ સદર દસ્તાવેજવાળી જમીનનુ ક્ષેત્રફળ જરાયત જમીન તરીકે બે એકરથી ઓછુ હોઈ તાલુકા સરકયુલરના હુકમ નં.એલ.એન.ડી.તા.-૫૧ મુજબ ટુકડા ધારા હેઠળ “ટુકડા” તરીકેની નોંધ એન્ટ્રી નં.૩૦૨૦ થી તા. ૨૫/૦૪/૧૯૫૧ ના રોજ કરી સદર એન્ટ્રી તા.૦૯/૦૪/૧૯૫૨ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૪)..ત્યારબાદ ધી બોમ્બે પર્સનલ ઈનામ એબોલીશન એકટ- ૧૯૫૨ ની રૂઈએ મે.કલેકટર સાહેબ,અમદાવાદના સરકયુલર નં.ડબલ્યુ.ટી.એન.-૪૦૩૫ થી તા.૨૮/૦૭/૧૯૫૩ નીચે તાલુકા હુકમ નં.ડબલ્યુ.ટી.એન.-૧૦૮ થી તા. ૦૨/૦૨/૧૯૫૫ મુજબ ચાંદખેડા ગામે જાત ઈનામ હેડે ચાલતી તમામ જમીન તા.૦૧/૦૮/૧૯૫૫ થી જાત ઈનામ નાબુદ થતુ હોવાથી ખાલસા રૈયતવારી હેડે દાખલ કરવા હુકમ થવાથી સદર હુકમની નોંધ રેકર્ડ ઓફ રાઈટસમા કબજેદારના કોલમમા એન્ટ્રી નં.૩૫૨૯ થી તા.૨૬/૦૮/૧૯૫૫ ના રોજ કરી સદર એન્ટ્રી તા.૨૯/૦૨/૧૯૫૬ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામા આવેલી છે.

(૫)..મજકુર જમીનના રેકર્ડ ઓફ રાઈટસમાં બીજા હકકમાં અગાઉ સને ૧૯૪૮ ની સાલમાં સંરક્ષીત ગણોતીયા તરીકે શ્રી રણછોડજી રામાજીનુ નામ દાખલ કરવામાં આવેલુ.પરંતુ મજકુર સંરક્ષીત ગણોતીયા શ્રી રણછોડજી રામાજી મજકુર જમીન છેલ્લા બે વર્ષથી સતત ખેડતા ન હોઈ તેમના સંરક્ષીત ગણોતીયા તરીકેના તમામ હકકો નાબુદ થતા મે.તાલુકા હુકમ નં.ટી.એન.સી.થી તા.૦૭/૦૩/૧૯૫૫ ના રોજના સરકયુલરના આધારે સંરક્ષીત ગણોતીયા તરીકે શ્રી રણછોડજી રામાજીનુ નામ રેકર્ડ ઓફ રાઈટસમાં બીજા હકકમાંથી એન્ટ્રી નં.૩૫૫૦ થી તા.૨૪/૦૪/૧૯૫૬ ના રોજ કમી કરી સદર એન્ટ્રી તા.૨૪/૦૮/૧૯૫૬ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલ છે.

(૬)..ત્યારબાદ ગણોતધારાની કલમ-૩૨(ગ)ની તપાસ વખતે ગેર હાજર રહેવાથી અથવા વેચાણ લેવા ના ખુશ બતાવ્યાથી ગણોતધારાની કલમ-૩૨(પી) મુજબ જમીનની ખરીદ બીનઅમલી કરવા તાલુકા હુકમ નં.૫૪૪ થી તા.૧૮/૦૬/૧૯૬૩ ના રોજ થવાથી ગણોતીયા શ્રી સોમાભાઈ બેચરભાઈનુ નામ એન્ટ્રી નં.૪૨૯૯ થી તા.૦૨/૧૧/૧૯૬૬ ના રોજ કમી કરી સદર એન્ટ્રી તા. ૧૭/૦૩/૧૯૬૭ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામા આવેલી છે.

(૭)..ત્યારબાદ મજકુર સર્વે નં.૮૬૦/૨ ની જમીન તેના માલીક શ્રી મણીલાલ જેઠાભાઈ પાસેથી એકશ્રી અંબાલાલ તળશીભાઈએ રૂા.૬૭૫૧/- પુરા ચુકવી તા.૨૪/૦૭/૧૯૬૭ ના રોજ વેચાણ રાખેલ હોઈ ગણોતધારાની કલમ-૩૨(પી) મુજબની તપાસમા મે.મામલતદાર કૃષિપંચ સાહેબ,ગાંધીનગરના

ટેનેન્સી કેસ નં.ચાંદખેડા/૩૨ (પી) (૫૬) થી તા.૨૧/૧૧/૧૯૬૭ ના રોજના હુકમના આધારે ગણોતીયા શ્રી સોમાભાઈ બેચરદાસને સંક્ષીપ્ત રીતે દુર કરી સદર જમીન શ્રી અંબાલાલ તળશીભાઈને માલીક તરીકે સદર જમીન વેચાણ, વહેંચણી, ગીરો, બક્ષીસ નહી આપવાની શરતે પ્રતિબંધીત સત્તા પ્રકારે હુકમ કરી શ્રી અંબાલાલ તળશીભાઈને આપવામા આવેલી.સદર હુકમની નોંધ મજકુર જમીનના રેકર્ડમા એન્ટ્રી નં.૪૪૩૦ થી તા.૨૪/૧૧/૧૯૬૭ ના રોજ કરી સદર એન્ટ્રી તા. ૨૦/૦૩/૧૯૬૮ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામા આવેલી છે.ત્યારથી મજકુર જમીનનો સ્વતંત્ર માલીક તરીકે કબજો ભોગવટો શ્રી અંબાલાલ તળશીભાઈ પટેલ કરતા આવેલા.

(૮)..મજકુર જમીનના રેકર્ડમાં બીજા હકકમાં અગાઉ "ટુકડા" તરીકેની નોંધ એન્ટ્રી નં.૩૦૨૦ થી તા.૨૫/૦૪/૧૯૫૧ ના રોજ પાડવામાં આવેલી. પરંતુ ત્યારબાદ મજકુર જમીન અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશનની હદથી બે માઈલના વિસ્તારમાં આવી જતા ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ક્રમાંક-અકત/૨૨૭૦/પી.ઈ./૧૨૭૪ થી તા.૨૮/૦૫/૧૯૭૧ ના રોજ થવાથી મે.કલેકટર સાહેબ ગાંધીનગરના હુકમ નં.સી.બી./લેન્ડ/વશી/૭૦૫ થી તા.૧૬/૦૬/૧૯૭૧ નીચે તાલુકા હુકમ નં.કોન્સો/ગાંધીનગર/તા.૧૬/૦૮/૧૯૭૧ ના આધારે એન્ટ્રી નં.૪૭૬૬ થી તા.૧૪/૦૩/૧૯૭૪ ના રોજ "ટુકડા" તરીકેની નોંધ કમી કરી સદર એન્ટ્રી તા.૨૫/૦૫/૧૯૭૪ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૯)..ત્યારબાદ મજકુર જમીનના માલીક શ્રી અંબાલાલ તળશીભાઈ પટેલનુ તા.૨૧/૦૨/૧૯૮૦ ના રોજ બીનવસીયતે અવસાન થયેલુ. મરહુમ શ્રી અંબાલાલ તળશીભાઈ પટેલના અવસાન સમયે તેમના સીધી લીટીના કાયદેસરના વારસદારો તરીકે શ્રી હર્ષદભાઈ અંબાલાલ પટેલ તથા શ્રી વિનોદચંદ્ર અંબાલાલ પટેલ તથા શ્રી શરદચંદ્ર અંબાલાલ પટેલ તથા ઈન્દીરાબેન અંબાલાલ પટેલ તથા શાંતાબેન તે અંબાલાલ તળશીભાઈ પટેલની વિધવા સિવાય વારસદારોમા બીજા કોઈ પુત્રો કે પુત્રીઓ અગર પત્ની કે મરહુમ પુત્રો કે પુત્રીઓની સંતતી ન હતી અને નથી.જેથી વારસાઈ હકકની રૂઈએ મજકુર જમીનના રેકર્ડ ઓફ રાઈટસમાં કબજેદારના કોલમમા શ્રી હર્ષદભાઈ અંબાલાલ પટેલ વિગેરેના સંયુકત નામ દાખલ કરવા માટે મે.તલાટી સાહેબ રૂબરૂ અરજી, જવાબ, પેઢીનામુ તથા મરણનો દાખલો રજુ કરવાથી રેકર્ડ ઓફ રાઈટસમા એન્ટ્રી નં.૫૧૦૬ થી તા.૨૧/૦૪/૧૯૮૦ ના રોજ નામ દાખલ કરી સદર એન્ટ્રી તા.૨૭/૦૫/૧૯૮૦ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામા આવેલી છે.

(૧૦)..ત્યારબાદ મજકુર જમીનના માલીકો પૈકી સહ માલીક ઈન્દીરાબેન તે અંબાલાલ તળશીભાઈ પટેલની દિકરીએ મજકુર જમીન તથા અન્ય જમીનોમાના તેણીના વગર વહેચાયેલ હકક હિસ્સા મજકુર જમીનના અન્ય માલીકો યાને તેમના ભાઈઓ શ્રી હર્ષદભાઈ અંબાલાલ પટેલ વિગેરેની તરફેણમા જતા કરવા માટે મે.તલાટી સાહેબ રૂબરૂ જવાબ આપવાથી મજકુર જમીનના રેકર્ડ ઓફ રાઈટસમા કબજેદારના કોલમમાથી ઈન્દીરાબેન તે અંબાલાલ તળશીભાઈ પટેલની દિકરીનુ સ્વતંત્ર નામ એન્ટ્રી નં.૫૧૦૭ થી તા.૨૧/૦૪/૧૯૮૦ ના રોજ કમી કરી સદર એન્ટ્રી તા.૨૭/૦૫/૧૯૮૦ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામા આવેલી છે.

(૧૧)..ત્યારબાદ મજકુર જમીનના માલીકો પૈકી સહ માલીક શાંતાબેન તે અંબાલાલ તળશીભાઈ પટેલની વિધવાનુ તા.૩૦/૦૪/૨૦૦૨ ના રોજ બીનવસીયતે અવસાન થયેલુ. મરહુમ શાંતાબેન તે અંબાલાલ તળશીભાઈ પટેલની વિધવાના અવસાન સમયે તેમના સીધી લીટીના કાયદેસરના વારસદારો તરીકે શ્રી હર્ષદભાઈ અંબાલાલ પટેલ તથા શ્રી વિનોદચંદ્ર અંબાલાલ પટેલ તથા શ્રી શરદચંદ્ર અંબાલાલ પટેલ તથા ઈન્દીરાબેન અંબાલાલ પટેલ સિવાય વારસદારોમા બીજા કોઈ પુત્રો કે પુત્રીઓ અગર પત્ની કે મરહુમ પુત્રો કે પુત્રીઓની સંતતી ન હતી અને નથી.જેથી વારસાઈ હકકની રૂઈએ મજકુર જમીનના રેકર્ડ ઓફ રાઈટસમાં કબજેદારના કોલમમા શ્રી હર્ષદભાઈ અંબાલાલ પટેલ વિગેરેના સંયુકત નામ દાખલ કરવા માટે મે.તલાટી સાહેબ રૂબરૂ અરજી,જવાબ,પેઢીનામુ તથા મરણનો દાખલો રજુ કરવાથી રેકર્ડ ઓફ રાઈટસમા એન્ટ્રી નં.૭૪૬૧ થી તા.૦૮/૦૮/૨૦૦૨ ના રોજ નામ દાખલ કરી સદર એન્ટ્રી તા.૦૯/૦૯/૨૦૦૨ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામા આવેલી છે.

(૧૨)..ત્યારબાદ મજકુર જમીનના માલીકો પૈકી સહ માલીક ઈન્દીરાબેન તે અંબાલાલ તળશીભાઈ પટેલની દિકરીએ મજકુર જમીન તથા અન્ય જમીનોમાના તેણીના વગર વહેચાયેલ હકક હિસ્સા મજકુર જમીનના અન્ય માલીકો યાને તેમના ભાઈઓ શ્રી હર્ષદભાઈ અંબાલાલ પટેલ વિગેરેની તરફેણમા જતા કરવા માટે મે. તલાટી સાહેબ રૂબરૂ જવાબ આપવાથી મજકુર જમીનના રેકર્ડ ઓફ રાઈટસમા કબજેદારના કોલમમાથી ઈન્દીરાબેન તે અંબાલાલ તળશીભાઈ પટેલની દિકરીનુ સ્વતંત્ર નામ એન્ટ્રી નં.૭૪૬૨ થી તા.૦૮/૦૮/૨૦૦૨ ના રોજ કમી કરી સદર એન્ટ્રી તા.૦૯/૦૯/૨૦૦૨ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામા આવેલી છે.

(૧૩)..ત્યારબાદ મજકુર જમીનના માલીકો પૈકી સહ માલીક શ્રી વિનોદચંદ્ર અંબાલાલ પટેલનુ તા.૦૧/૦૯/૨૦૦૬ ના રોજ બીનવસીયતે અવસાન થયેલુ. મરહુમ શ્રી વિનોદચંદ્ર અંબાલાલ પટેલના અવસાન સમયે તેમના સીધી લીટીના કાયદેસરના વારસદારો તરીકે સુભદ્રાબેન વિનોદચંદ્ર પટેલની વિધવા તથા શ્રી વિશાલ વિનોદચંદ્ર પટેલ તથા રીકીતા વિનોદચંદ્ર પટેલ સિવાય વારસદારોમા બીજા કોઈ પુત્રો કે પુત્રીઓ અગર પત્ની કે મરહુમ પુત્રો કે પુત્રીઓની સંતતી ન હતી અને નથી.જેથી વારસાઈ હકકની રૂઈએ મજકુર જમીનના રેકર્ડ ઓફ રાઈટસમાં કબજેદારના કોલમમા સુભદ્રાબેન વિનોદચંદ્ર પટેલની વિધવા વિગેરેના સંયુકત નામ દાખલ કરવા માટે મે.મામલતદાર સાહેબ,ઈ-ધરા કેન્દ્રની કચેરી રૂબરૂ અરજી,સોગંદનામુ,પેઢીનામુ તથા મરણનો દાખલો રજુ કરવાથી રેકર્ડ ઓફ રાઈટસમા એન્ટ્રી નં.૮૪૪૦ થી તા.૦૭/૧૨/૨૦૦૬ ના રોજ નામ દાખલ કરી સદર એન્ટ્રી તા.૧૭/૦૨/૨૦૦૭ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામા આવેલી છે.

(૧૪)..ત્યારબાદ મજકુર સર્વે નં.૮૯૦/૨ ની ૭૨૮૪ સ.ચો.મીટર જુની શરતની ખેતીની જમીનને ટી.પી.સ્કીમ નં.૪૪ (ચાંદખેડા) મા આવરી લઈ ટી.પી. સ્કીમની રૂઈએ ફા.પ્લોટ નં.૧૮૭ ની ૪૩૫૪ સ.ચો.મીટર જમીન ફાળવવાનુ નકકી કરેલુ.

(૧૫)..મજકુર ચાંદખેડા ગામના તમામ સર્વે નંબર તથા મહેસુલી રેકર્ડ સરકારશ્રીના તા.૧૭/૦૧/૨૦૦૮ ના રોજના હુકમ નં.જી.એચ.એ./૨૦૦૮/૨/એમ/પી.એફ.આર.-૩૯૨૦૦૮-૩૫-એલ-૧ થી જોઈન્ટ સેક્રેટરીશ્રી,મહેસુલ વિભાગ,ગુજરાત રાજય,ગાંધીનગરના હુકમથી સદર રેકર્ડ અમદાવાદ

જીલ્લાના દસ્ક્રોઈ તાલુકામાં તબદીલ કરવા હુકમ થવાથી ભુમિદાન લેખની નોંધ એન્ટ્રી નં. ૮૮૨૧ થી તા.૦૮/૦૨/૨૦૦૮ ના રોજ કરી સદર એન્ટ્રી તે જ તારીખે મંજુર કરવામાં આવેલી છે.

(૧૬)..જીલ્લા કલેકટરશ્રી અમદાવાદના તા.૩૦/૦૧/૨૦૦૮ ના હુકમ નં.સી.બી./એલ.એન.ડી-૨/સી-૪૦૧૯/૦૮ થી ચાંદખેડા નગરપાલીકાનો મહેસુલી વિસ્તાર અમદાવાદ જીલ્લામાં સમાવિષ્ટ કરવામાં આવતા મોજે ચાંદખેડા તા.ગાંધીનગરના તમામ સર્વે નંબરો સહીતની વિગતો દસ્ક્રોઈ તાલુકામાં સમાવિષ્ટ કરવા તેમજ પ્રાદેસીક ફેરફાર નવા ગામ તરીકે દાખલ કરવા એન્ટ્રી નં.૮૮૨૨ થી તા.૦૮/૦૨/૨૦૦૮ ના રોજ નોંધ કરી સદર એન્ટ્રી તે જ તારીખે પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૧૭)..મજકુર જમીનના રેકર્ડમા "સુભદ્રાબેન વિનોદચંદ્રની વિધવા" સુધારવાનુ રહી ગયેલ હોઈ મે.મામલતદાર સાહેબ દસ્ક્રોઈના હુકમ નં. આર.ટી.એસ./રેકર્ડ પ્રમોલગેશન/૦૮ થી તા.—/૧૧/૨૦૦૮ ના રોજથી આપેલ સુચના અનુસાર કોમ્પ્યુટરાઈઝ રેકર્ડનુ પ્રમોલગેશનની કાર્યવાહી કરતા ગામના હસ્ત લેખીત,કોમ્પ્યુટરાઈઝ ૭ અને ૧૨ તથા ગામ નમુના નં.૦૬ ની ખાત્રી કરી થયેલ છતી દુર કરી સુધારો કરવા હુકમ કરવાથી રેકર્ડ ઓફ રાઈટસમાં એન્ટ્રી નં.૯૧૫૩ થી તા.૧૦/૦૧/૨૦૦૯ ના રોજ રેકર્ડમાં સુધારાની નોંધ કરી સદર એન્ટ્રી તા.૨૨/૦૪/૨૦૦૯ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૧૮)..ત્યારબાદ સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક પફર/૧૦૨૦૧૧/૨૭૫/લ/૧ થી તા.૧૭/૦૩/૨૦૧૨ થી અમદાવાદ જીલ્લાના સીટી અને દસ્ક્રોઈ તાલુકાના પુનઃ ગઠન કરી અમદાવાદ તાલુકાના નવા બે તાલુકા અમદાવાદ (પૂર્વ) તથા અમદાવાદ (પશ્રિમ) ની રચના કરવામા આવેલ.જે અન્વયે દસ્ક્રોઈ તાલુકાનુ ચાંદખેડા ગામ અમદાવાદ સીટી(પશ્રિમ) મા પ્રાદેસીક ફેરફાર નવા ગામ તરીકે દાખલ કરવા સદર જમીનના રેકર્ડમા એન્ટ્રી નં.૧૦૭૬૧ થી તા.૦૨/૦૫/૨૦૧૨ ના રોજ કરી સદર એન્ટ્રી તા.૦૫/૦૫/૨૦૧૨ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૧૯)..ત્યારબાદ મજકુર સર્વે નં.૮૬૦/૨ ની ૭૨૮૪ સ.ચો.મીટર જમીનના ફા.પ્લોટ નં.૧૮૭ ની ૪૩૫૪ સ.ચો.મીટર પ્રતિબંધીત સત્તા પ્રકારની જમીનને બીનખેતી હેતુ માટે જુની શરતમા હેતુ ફેર કરવા માટેની પરવાનગી મેળવવા તથા તે અંગે સરકારમા જે કાંઈ પ્રિમીયમને રકમો ભરવાની થાય તે તમામ રકમો તમો પેઢીએ ભરવાની શરતે મજકુર જમીનના અગાઉના જમીન માલીકો પાસેથી વેચાણ લેવાનુ નકકી કરેલુ.

(૨૦)..ત્યારબાદ મજકુર સર્વે નં.૮૬૦/૨ ની ૭૨૮૪ સ.ચો.મીટર જમીનના ફા.પ્લોટ નં.૧૮૭ ની ૪૩૫૪ સ.ચો.મીટર જમીનમાંથી ૭૨૮૪ સ.ચો.મીટર જમીન ખેતી ખેતીના હેતુ માટે તથા ૪૩૫૪ સ.ચો.મીટર બીનખેતીના હેતુ માટે પ્રતિબંધીત સત્તા પ્રકારના નિયંત્રણ દુર કરી જુની શરતે ધારણ કરવા માટે અમદાવાદના મે.જીલ્લા કલેકટર સાહેબે હુકમ નં.એસીબી/ટીએનસી-૬/ચાંદખેડા/પ્રિમીયમ/એસ.આર.-૮૬/૨૦૧૬ થી તા.૦૫/૦૧/૨૦૧૮ ના રોજથી કરેલ છે. મજકુર હુકમની નોંધ મજકુર જમીનના રેકર્ડમા એન્ટ્રી નં.૧૩૦૦૧ થી તા.૧૨/૦૨/૨૦૧૮ ના રોજ કરી સદર એન્ટ્રી તા.૦૫/૦૪/૨૦૧૮ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામા આવેલી છે.મજકુર હુકમના આધારે સરકારમા ભરવાની થતી પ્રીમીયમની રકમ રૂ.૨,૮૬,૭૭,૮૯૦/- પુરાની રકમ અગાઉના જમીન માલીકોના નામથી તમો,પેઢીએ સરકારમા ચલણી ભરપાઈ કરેલ છે.

(૨૧)..ત્યારબાદ મજકુર સર્વે નં.૮૯૦/૨ ની જમીનના ફા.પ્લોટ નં.૧૮૭ ની ૪૩૫૪ સ.ચો.મીટર જુની શરતની ખેતીની જમીન પૈકી ૩૬૫૪ સ.ચો.મીટર જમીનમા રહેણાંક હેતુ માટે તથા ૭૦૦ સ.ચો.મીટર જમીનમા વાણિજય હેતુ માટેનો ઉપયોગ કરવા માટેની એન.એ.ની પરવાનગી મેળવવા માટે મજકુર જમીનના અગાઉના માલીકોના નામથી તમો ,પેઢીએ અમદાવાદના મે.કલેકટર સાહેબની કચેરીમા અરજી કરતા અમદાવાદના મે. કલેકટર સાહેબે તેમના હુકમ નં.એસીબી/ટીએનસી-૬/એન.એ./તત્કાલ/કલમ-૬૫/એસ.આર.-૮૬/૨૦૧૭ થી તા.૨૩/૦૨/૨૦૧૮ ના રોજ પરવાનગી આપેલી છે.મજકુર એન.એ.ના હુકમની નોંધ રેકર્ડ ઓફ રાઈટસમા એન્ટ્રી નં.૧૩૦૩૩ થી તા.૧૨/૦૩/૨૦૧૮ ના રોજ દાખલ કરી સદર એન્ટ્રી તા.૦૯/૦૫/૨૦૧૮ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામા આવેલી છે.

(૨૨)..ત્યારબાદ મજકુર ફા.પ્લોટ નં.૧૮૭ ની ૪૩૫૪ સ.ચો.મીટર જમીન અંગે અમદાવાદના મે.કલેકટર સાહેબના હુકમ નં.સીબી/પ્ર.સ.પ./રીવીઝન/ત.બી.ખે./ચાંદખેડા/સર્વેનં/બ્લોકનં.૮૯૦/૨/એસઆર-૫૦૭/૨૦૧૮ થી તા.૧૭/૦૭/૨૦૧૮ ના રોજ પરવાનગી આપેલી છે.મજકુર એન.એ.ના હુકમની નોંધ રેકર્ડ ઓફ રાઈટસમા એન્ટ્રી નં.૧૩૨૨૯ થી તા.૧૬/૦૮/૨૦૧૮ ના રોજ દાખલ કરી સદર એન્ટ્રી તા.૦૩/૧૧/૨૦૧૮ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામા આવેલી છે.

(૨૩)..ત્યારબાદ મજકુર જમીન અંગે વિવાદી ઈન્દીરાબેન તે અંબાલાલ તળશીભાઈની દિકરી અને શ્રી ધીરજલાલ પટેલની પત્ની વિરૂધ્ધ પ્રતિવિવાદી શ્રી શરદચંદ્ર અંબાલાલ પટેલ વિગેરે સામે કરેલ અપીલમા મે.સીટી ડેપ્યુટી કલેકટરશ્રી (પશ્ચિમ) અમદાવાદની કોર્ટમા હુકમ નં.આર.ટી.એસ./અપીલ/કેસ નં.૧૯૯/૨૦૧૮ થી તા.૧૦/૧૨/૨૦૧૮ ના રોજ ઓનલાઈન હુકમ કરી વિવાદીની વિવાદ અરજી "ના મંજુર" કરવા હુકમ કરેલ છે.સદર હુકમની નોંધ મજકુર જમીનના રેકર્ડમા એન્ટ્રી નં.૧૩૩૮૬ થી તા.૩૧/૧૨/૨૦૧૮ ના રોજ કરી સદર એન્ટ્રી તા.૧૧/૦૨/૨૦૧૯ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામા આવેલી છે.

(૨૪)..ત્યારબાદ મજકુર જમીન અંગે વિવાદી ઈન્દીરાબેન તે અંબાલાલ તળશીભાઈની દિકરી અને શ્રી ધીરજલાલ પટેલની પત્ની વિરૂધ્ધ પ્રતિવિવાદી શ્રી શરદચંદ્ર અંબાલાલ પટેલ વિગેરે સામે કરેલ અપીલમા મે.સીટી ડેપ્યુટી કલેકટરશ્રી (પશ્ચિમ) અમદાવાદની કોર્ટમા હુકમ નં.આર.ટી.એસ./અપીલ/કેસ નં.૨૦૨/૨૦૧૮ થી તા.૧૭/૧૨/૨૦૧૮ ના રોજ ઓનલાઈન હુકમ કરી વિવાદીની વિવાદ અરજી "ના મંજુર" કરવા હુકમ કરેલ છે.સદર હુકમની નોંધ મજકુર જમીનના રેકર્ડમા એન્ટ્રી નં.૧૩૩૮૭ થી તા.૩૧/૧૨/૨૦૧૮ ના રોજ કરી સદર એન્ટ્રી તા.૧૧/૦૨/૨૦૧૯ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામા આવેલી છે.

(૨૫)..ત્યારબાદ મજકુર સર્વે નં.૮૯૦/૨ ની ૭૨૮૪ સ.ચો.મીટર ખાતા નં.૬૫૮ વાળી જમીનને ટી.પી.સ્કીમ નં.૪૪ (ચાંદખેડા)મા આવરી લઈ ફાળવવામા આવેલ ફા.પ્લોટ નં.૧૮૭ ની ૪૩૫૪ સ.ચો.મીટર બીનખેતીના ઉપયોગવાળી જમીન તેના માલીકો શ્રી હર્ષદભાઈ અંબાલાલ પટેલ વિગેરે પાસેથી તમો "મારૂતિ પ્રોજેક્ટ" એ નામની ભાગીદારી પેઢીએ પેઢીના નાણામાંથી ઉચ્ચક કુલે રૂા.૫,૭૦,૦૦,૦૦૦/- અંકે રૂપિયા પાંચ કરોડ સીતેર લાખ પુરાની રકમ અલગ અલગ ચેકથી મજકુર જમીનના માલીકોને ચુકવી તા.૧૬/૦૪/૨૦૧૯ ના રોજ રીતસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અમદાવાદ

શહેર વિભાગ-૨(વાડજ) ના મે.સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરી રૂબરૂ અનુક્રમ નં.૬૯૬૦ થી તે જ તારીખે નોંધાવી કુલ અભરામ ન દાવે અઘાટ વેચાણ રાખેલી છે.મજકુર વેચાણ દસ્તાવેજની રૂઈએ મજકુર જમીનના રેકર્ડ ઓફ રાઈટસમા કબજેદારના કોલમમા તમો "મારૂતિ પ્રોજેક્ટ"નુ સ્વતંત્ર નામ એન્ટ્રી નં.૧૩૫૩૦ થી તા.૨૫/૦૪/૨૦૧૯ ના રોજ દાખલ કરી સદર એન્ટ્રી તા.૦૬/૦૬/૨૦૧૯ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૨૬)..ત્યારબાદ મજકુર ફા.પ્લોટ નં.૧૮૭ ની ૪૩૫૪ સ.ચો.મીટર એન.એ. વાળી જમીનમા રહેણાંક તથા વાણીજ્ય હેતુ માટેનુ બાંધકામ કરવા માટેના પ્લાન તમો પેઢીએ તમારા નામથી પેઢીના ખર્ચે તૈયાર કરાવી મંજુર કરાવવા અર્થે અમદાવાદ મ્યુની.કોર્પોરેશનની કચેરીમા મુકતા અમદાવાદ મ્યુની.કોર્પોરેશનના મે.ટાઉન ડેવલપમેન્ટ ઓફીસર સાહેબે,તેમના કેસ નં.**BHNTI/WZ/040219/CGDCRV/A1841/RO/M1** થી તા.૧૭/૦૫/૨૦૧૯ ના રોજ બ્લોક નં."**A**" ના કુલે- ૬૩ ફલેટો તથા દુકાનો (૪૮ ફલેટો તથા ૧૫ દુકાનો) ના પ્લાન મંજુર કરી રજાચિઠ્ઠી નં.**01857/040219/A1841/RO/M1** થી તથા કેસ નં.**BLNTR /WZ/040219/CGDCRV/A1842/RO/M1** થી તા.૧૭/૦૫/૨૦૧૯ ના રોજ બ્લોક નં."**A+C**" ના કુલે- ૪ બંગ્લોઝના પ્લાન મંજુર કરી રજાચિઠ્ઠી નં.**01858/040219/A1842/RO/M1** થી તથા કેસ નં.**BLNTR /WZ/040219/CGDCRV/A1843/RO/M1** થી તા.૧૭/૦૫/૨૦૧૯ ના રોજ બ્લોક નં."**B+D**" ના કુલે- ૪ બંગ્લોઝના પ્લાન મંજુર કરી રજાચિઠ્ઠી નં.**01859/040219/A1843/RO/M1** થી તે જ તારીખે આપેલ છે.

ત્યારથી સર્વે નં.૮૯૦/૨ ની ૭૨૮૪ સ.ચો.મીટર ખાતા નં.૬૫૮ વાળી જમીનને ટી.પી.સ્કીમ નં.૪૪ (ચાંદખેડા)મા આવરી લઈ ફાળવવામા આવેલ ફા.પ્લોટ નં.૧૮૭ ની ૪૩૫૪ સ.ચો.મીટર બીનખેતીના ઉપયોગવાળી જમીન તમો " મારૂતિ પ્રોજેક્ટ" એ નામની ભાગીદારી પેઢીનુ સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની તથા કોઈપણ પ્રકારના બોજા રહીત હોવાનુ જણાઈ આવે છે તથા સદર જમીન અંગે કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ,હકક,હીસ્સો કે હિત સંબંધ રેકર્ડ જોતા જણાઈ આવેલ નથી એ રીતે સદર જમીનના રાઈટસ ટાઈટલ્સ કલીયરન્સ અને માર્કેટેબલ હોવાનુ રેકર્ડ જોતા અમો આથી અભિપ્રાય આપીએ છીએ.

આજ તા.૧૨ માહે જુલાઈ સને- ૨૦૧૯ ના દીને શહેર અમદાવાદ મુકામે.

N.K. PATEL * ADVOCATE * G/425/1977

(શ્રી એન.કે.પટેલ એડવોકેટ)